શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ તથા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ અધિકાર નિયમો-૨૦૧૨ અન્વયે નબળા અને વંચિત જૂથના બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં ધોરણ-૧ માં ૨૫ ટકા પ્રવેશ આપવા માટેની કાર્યપધ્ધતિ નક્કી કરવા બાબત

## ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃખપશ/૧૧૨૦૨૦/સિ.ફા.૦૬/ચ

સચિવાલય,ગાંધીનગર

તા. /૦૮/૨૦૨૦

04 AUG 2020

<u>વંચાણમાં લીધાઃ</u>

(૧) ભારત સરકારના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ (આરટીઈ એક્ટ), ૨૦૦૯

(૨) શિક્ષણ વિભાગના તા.૧૮/૨/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસએચ/૪/પીઆરઈ/૧૨૨૦૧૦/જીઓઆઈ/ક

(૩) શિક્ષણ વિભાગના તા.૨૨/૦૫/૨૦૧૩ના જાહેરનામા ક્રમાંકઃ જીએચએચ/એસએચ/૪/પીઆરઈ/૧૨૨૦૧૦/જીઓઆઈ-૧૦/ક

(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃખપશ/૧૦૨૦૧૨/૭૨૭૬૪૬/ચ તા.૨૩/૦૫/૨૦૧૩

(૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃખપશ/૧૦૨૦૧૨/૭૨૭૬૪૬/ચ તા.૭/૪/૨૦૧૫

(૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃખપશ/૧૦૨૦૧૨/૭૨૭૬૪૬/ચ (સી.ફા.) તા.૪/3/૨૦૧૭

(૭) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃખપશ/૧૦૨૦૧૨/૭૨૭૬૪૬/ચ તા.૧૧/૦૫/૨૦૧૭

(૮) શિક્ષણ વિભાગના તા.૨૨/૨/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૧૬/પીઆરઈ/ ૧૧૨૦૧૮/સી.ફા-૨૪-ક

(૯) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃખપશ/૧૦૨૦૧૮/સિ.ફા.૧/ચ તા.૦૪/૦૪/૨૦૧૮

(૧૦) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃખપશ/૧૦૨૦૧૮/સિ.ફા.૧/ચ તા.૦૯/૦૫/૨૦૧૮

(૧૧) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગરની તા.૨૭/૦૫/૨૦૨૦ની દરખાસ્ત ક્રમાંકઃ સીં.ફા.-૦૬/૨૦૨૦

(૧૨) શિક્ષણ વિભાગના તા.૩૧/૦૧/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૦૪/પીઆરઈ/ ૧૨૨૦૧૯/સી.ફા-૨૧-ક

**પ્રસ્તાવના:-**

બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ અધિકારના નિયમો-૨૦૧૨ મુજબ નબળા અને વંચિત જૂથના બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧માં ૨૫ ટકા મુજબ પ્રવેશ આપવા માટે આ વિભાગ દ્વારા તા.૦૪/૦૪/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: ખપશ/૧૧૨૦૧૮/સિ.ફા.-૧/ચ થી કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવેલ હતી.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન આર.ટી.ઈ. અંતર્ગત પ્રવેશમાં પડતી મુશ્કેલીઓ અંગે વાલીઓ તરફથી મળેલ મૌખિક રજૂઆતો અને સદર કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓ/અધિકારીઓ તરફથી મળેલ મૌખિક સૂચનો તેમજ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગરની ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-૧૧ પરની દરખાસ્ત ધ્યાને લઈ, બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ તથા બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ અધિકારના નિયમ-૨૦૧૨ મુજબ નબળા અને વંચિત જૂથના બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં ધોરણ-૧ માં, ૨૫ટકા પ્રવેશ આપવાની જોગવાઈઓના અસરકારક અને સરળ અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે:

**ઠરાવ:**

૧. આ યોજના, ગુજરાત રાજ્યમાં આવેલ RTE ACT ની કલમ ૨ (n)(iv) હેઠળ આવતી તમામ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓને લાગુ પડે છે. (જે પ્રાથમિક શાળાઓ પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા અથવા સરકાર દ્વારા વખતોવખત ઠરાવવામાં આવે તેવા સક્ષમ અધિકારી દ્વારા મેળવેલ પ્રમાણપત્ર મુજબ લઘુમતીનો દરજ્જો ધરાવતી હોય તેવી શાળાઓને મુકિત આપવામાં આવે છે.)

૨. આ યોજના હેઠળ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ માં નિઃશૂલ્ક પ્રવેશ આપવામાટે વંચિત અને નબળા જૂથના બાળકોમાં નીચે મુજબના બાળકોનો સમાવેશ કરવામાં આવે છે:

(૧) અનાથ બાળક

(૨) સંભાળ અને સંરક્ષણની જરૂરીયાતવાળુ બાળક

(૩) બાલગૃહના બાળકો

(૪) બાળ મજૂર/સ્થળાંતરીત મજૂરના બાળકો

(૫) મંદબુધ્ધિ/સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરીયાતવાળા બાળકો/શારીરિક રીતે વિકલાંગ અને વિકલાંગ ધારા-૨૦૧૬ની કલમ ૩૪ (૧) માં દર્શાવ્યા મુજબના તમામ દીવ્યાંગ બાળકો

(૬) (ART)એન્ટિ-રેટ્રોવાયરલ થેરપી (એઆરટી))ની સારવાર લેતા બાળકો

(૭) ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધલશ્કરી/પોલીસદળના જવાનના બાળકો

(૮) જે માતા-પિતાને એકમાત્ર સંતાન હોય અને તે સંતાન માત્ર દીકરી જ હોય તેવી દિકરી

(૯) રાજ્ય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકો

(૧૦) ૦ થી ૨૦ આંક ધરાવતાં તમામ કેટેગરી (SC,ST,SEBC,જનરલતથા અન્ય) ના BPLકુંટુબના બાળકો

(૧૧) અનુસૂચિત જાતિ (SC)અને અનુસૂચિત જનજાતિ (ST) ના બાળકો

(૧૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/અન્ય પછાત વર્ગના બાળકો

(૧૩) સામાન્ય કેટેગરી (બિન અનામત વર્ગ) ના બાળકો

૩. વિના મૂલ્યે ધોરણ-૧ માં પ્રવેશ માટે પ્રવેશની સંખ્યા નક્કી કરવા બાબત

(૧) હયાત બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ગત શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૧માં જે કુલ વિદ્યાર્થી સંખ્યા હોય તેમાંથી તે વર્ષનાRTE પ્રવેશનાં બાળકોની સંખ્યા બાદ કરી,તેના ૨૫%મુજબ RTE માટેની જગ્યાઓ નિશ્ચિત કરવાની રહેશે. એટલે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં જે તે શાળાની ધોરણ-૧ ની RTEહેઠળની જગ્યાઓ નિશ્ચિત કરતી વખતે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં જે તે શાળાએ ધોરણ-૧ના કુલ વર્ગોમાં પ્રવેશ આપેલ કુલ વિદ્યાર્થી સંખ્યા(RTE સિવાયના)ના ૨૫ % મુજબ RTE પ્રવેશ સંખ્યા નિયત કરવાની રહેશે.

બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં મંજુર કરેલ વર્ગદીઠ વધુમાં વધુ ૪૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાતો હોવાથી વર્ગદીઠ વધુમાં વધુ પ્રવેશ સંખ્યા ૪૦ ધ્યાને લેવાની રહેશે. પરંતુ કોઇ વર્ગમાં ૪૦ કરતાં ઓછી વિદ્યાર્થી સંખ્યા હોય તો જે તે વર્ગની વાસ્તવિક સંખ્યા ધ્યાને લેવાની રહેશે.

(૨) જે શાળાઓ RTE પ્રવેશના જે તે શૈક્ષણિક વર્ષે નવી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા તરીકે/ધોરણ-૧ના વર્ગ વધારાની માન્યતા મેળવે છે તે શાળાઓમાં ધોરણ-૧ ના તમામ વર્ગોમાં મંજુર કરેલ વર્ગદીઠ મહત્તમ ૪૦ વિદ્યાર્થી સંખ્યાનો અંદાજ કરી વર્ગદીઠ ૧૦ જગ્યા RTEહેઠળ નિયત કરવાની રહેશે.

૪. આ યોજના હેઠળ નબળા અને વંચિત જૂથના બાળકોને ધોરણ-૧ માં વિના મૂલ્યે પ્રવેશ માટે પ્રવેશનો અગ્રતાક્મ નીચે મુજબ રહેશે.

(૧) અનાથ બાળક

(૨) સંભાળ અને સંરક્ષણની જરૂરીયાતવાળુ બાળક

(૩) બાલગૃહના બાળક

(૪) બાળ મજૂર/સ્થળાંતરીત મજૂરના બાળકો

(૫) મંદબુધ્ધિ/સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરીયાતવાળા બાળકો/શારીરિક રીતે વિકલાંગ અને વિકલાંગ ધારા-૨૦૧૬ની કલમ ૩૪ (૧) માં દર્શાવ્યા મુજબના તમામ દીવ્યાંગ બાળકો

(૬) (ART)એન્ટિ-રેટ્રોવાયરલ થેરાપી (એઆરટી))ની સારવાર લેતા બાળકો

(૭) ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધલશ્કરી/પોલીસદળના જવાનના બાળકો

(૮) જે માતા-પિતાને એકમાત્ર સંતાન હોય અને તે સંતાન માત્ર દીકરી જ હોય તેવી દિકરી

(૯) રાજ્ય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકો

(૧૦) ૦ થી ૨૦ આંક ધરાવતાં તમામ કેટેગરી (SC,ST,SEBC,જનરલતથા અન્ય) ના BPL કુંટુબના બાળકો

(૧૧) અનુસૂચિત જાતિ (SC)અને અનુસૂચિત જનજાતિ (ST) ના બાળકો

(૧૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/અન્ય પછાત વર્ગના બાળકો
સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/અન્ય પછાત વર્ગ/વિચરતી અને વિમુકત જાતિના બાળકો

સદર કેટેગરીમાં વિચરતી અને વિમુકત જાતિના બાળકોને પ્રવેશમાં પ્રથમ અગ્રતા આપવાની રહેશે.

(૧૩) સામાન્ય કેટેગરી (બિન અનામત વર્ગ) ના બાળકો

આ નિયમો હેઠળ રાજ્ય સરકાર હસ્તકની આંગણવાડીમાં ઓછામાં ઓછા ૨ વર્ષ અભ્યાસ કરેલ હોય અને ICDS-CASવેબપોર્ટલ પર જે વિદ્યાર્થીઓના નામ નોંધાયેલ હોય તેવા વિદ્યાર્થીઓને અગ્રતાનો લાભ મળી શકશે.

ઉપરોકત ક્રમાંક (૮), (૯),(૧૧), (૧૨) અને (૧૩)કેટેગરીમાં આવતા બાળકો માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક- સશપ/૧૦૨૦૧૧/૪૩૭/અ-૧ તા. ૨૪/૧૦/૨૦૧૭ મુજબ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃછતલ/૧૫૨૦૧૧/૯૮/ગ તા.૨૪/૧૦/૨૦૧૭ મુજબ આવક મર્યાદા લાગુ પડશે. ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂા. ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂા. ૧,૫૦,૦૦૦/- ની આવક મર્યાદા લાગુ પડશે. વધુમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વખતો વખત જે આવક મર્યાદા નકકી કરવામાં આવશે તે જે તે શૈક્ષણિક વર્ષના પ્રવેશ માટે લાગુ પાડવાની રહેશે.સૌથી ઓછી આવક ધરાવતાં કુંટુબના બાળકોને પ્રવેશમાં અગ્રતા આપવામાં આવશે.

૫. પ્રવેશ માટે જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કામગીરી બજાવવાની રહેશે. શહેર વિસ્તારમાં જયાં શાસનાધિકારી હોય ત્યાં શાસનાધિકારીએ જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવાની રહેશે.

૬. પ્રવેશ અંગેની સૂચનાઓ.

(૧) પ્રવેશ માટે માતા/પિતા/વાલીએ https:/ /rte.orpgujarat.com વેબપોર્ટલ પર અથવા વખતોવખત નક્કી થયેલ પદ્ધતિ મુજબ અરજી કરી,જરૂરી વિગતો તેમાં ભરી પ્રિન્ટ મેળવી જરૂરી આધારો સાથે કામકાજના દિવસો દરમિયાન નિયત સમયે જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ જાહેર કરેલ રીસીવીંગ  સેન્ટર અથવા તેવા પ્રકારના નક્કી કરેલ અન્ય સ્થળ/શાળા પર, જણાવવામાં આવે ત્યારે જમા કરાવવાની રહેશે.

(૨) જો કોઈ બાળકની અરજી પુરતા આધાર સાથે નહિ હોય તો રદ કરવામાં આવશે.

(૩) પ્રવેશ અંગેની માર્ગદર્શિકા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી દ્વારા બહાર પાડવામાં આવશે. અને માર્ગદર્શિકા અનુસાર પ્રવેશની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૪) પ્રવેશ માટે શાળાની પડોશનો વિસ્તાર

૪.૧ (૧) શાળાની પડોશનો વિસ્તારઃ બાળકોના સંબંધમાં, નજીકના વિસ્તારમાં ચાલીને જઈ શકાય તેવું ૧ કિ.મી. નું ત્રિજ્યાવર્તી અંતર

(૨) ૧ કિ.મી. ત્રિજ્યાવર્તી અંતરમાં પર્યાપ્ત શાળા ઉપલબ્ધ ન થાય તો, ૩ કિ.મી સુધીનું ત્રિજ્યાવર્તી અંતર

(૩) ૩ કિ.મી. ત્રિજ્યાવર્તી અંતરમાં પર્યાપ્ત શાળા ઉપલબ્ધ ન થાય તો, ૬ કિ.મી સુધીનું ત્રિજ્યાવર્તી અંતર

૪.૨ પ્રવેશ માટે વોર્ડ આધારિત વિસ્તાર મુજબની શાળાઓની પસંદગી આપવાની રહેશે. જે માતા/પિતા/વાલીને રહેઠાણ મુજબ બે વોર્ડની સરહદ લાગુ પડતી હોય તે માતા/પિતા/વાલી બન્ને વોર્ડમાં આવેલ શાળાઓ અંતરની મર્યાદા ધ્યાને રાખી પસંદ કરી શકશે. તેમ છતાં પ્રવેશ માટે અરજી કરનાર વિદ્યાર્થીના વાલી પોતાના રહેઠાણથી સૌથી નજીકના અંતરે આવેલી શાળાઓની પસંદગી કરી શકશે. પ્રવેશ માટે કેટેગરીની અગ્રતા, આવકની અગ્રતાતથા વાલીએ પસંદ કરેલ શાળાની અગ્રતા ક્રમાનુસાર વગેરે ધ્યાને લઈ પ્રવેશ આપવામાં આવશે. આથી શાળા પસંદગી વખતે વિદ્યાર્થીની ઉંમર ધ્યાને લઇ વિદ્યાર્થીને પ્રવેશ મેળવ્યાબાદ શાળાએ આવવા-જવામાં સરળતા રહે તેવી શાળાઓ જ વાલીએ પસંદ કરવી હિતાવહ છે.

(૫) પ્રવેશ માટેની ઉંમર નક્કી કરવા બાબતઃ

આર.ટી.ઇ. અંતર્ગત ધોરણ-૧ માં પ્રવેશ માટે અરજી કરનાર બાળકે પ્રવેશની તારીખે ઉંમરનું ૬ઠ્ઠુ વર્ષ પૂરૂ થયું ન હોય તેવા બાળકને સામાન્ય રીતે પ્રારંભિક શાળામાં પ્રવેશ આપવામાં આવશે નહિ. તેમ છતાં, જો બાળક પાંચ વર્ષની ઉંમર પૂરી થયે પ્રવેશ મેળવવા માંગતુ હોય તો તેને પ્રવેશ આપવામાં આવશે, પરંતુ તેણે તે વર્ષના જૂન મહિનાની ૧લી તારીખે પાંચ વર્ષની ઉંમર પૂરી કરેલી હોવી જોઇશે.

શિક્ષણ વિભાગનાતા.૩૧/૦૧/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૦૪/પીઆરઈ/ ૧૨૨૦૧૯/સી.ફા-૨૧-કમુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી ધોરણ-૧માં પ્રવેશ માટે વિદ્યાર્થીએ ૧લી જૂનના રોજ પ્રવેશ માટે ૬ વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઇશે.

(૬) જે વિદ્યાર્થી ધોરણ-૧ અથવા ધોરણ-૨માં અભ્યાસ કરતો હોય તે વિદ્યાર્થી પુનઃ ધોરણ-૧માં આરટીઈ અંતર્ગત પ્રવેશ મેળવી શકશે નહિ.

(૭) વિનામૂલ્યે બેઠક પર પ્રવેશ માટે જરૂરી દરસ્તાવેજો

(ક) સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જનસેવા કેન્દ્રનો આવકનો દાખલો

મકાનભાડુ, વીજબીલ, મકાનવેરો તેમજ આઇ.ટી. રીટર્ન (જો ભરતા હોય તો) અને નોકરી કરતા હોવાના કિસ્સામાં અરજદારની પગારસ્લિપ વગેરે સાથે આવકના દાખલાની ખરાઇ કરવાની રહેશે.

જો સદર પ્રક્રિયામાં અરજદાર પાસેથી મેળવેલ આધારોમાં કોઈ અનિયમિતતા/ગેરરીતિ જણાય તો જે તે શાળાએ આધાર પુરાવા સાથેનો વિગતવાર અહેવાલ સબંધિત જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલી આપવાનો રહેશે અને સબંધિત જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા નિયમાનુસાર આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(ખ) અગ્રતા ક્રમ (૧) થી (૬) સુધીના બાળકો માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ કેટેગરી દર્શાવતો દાખલો પુરાવા તરીકે માન્ય ગણાશે. અગ્રતાક્રમ (૭) માટે સંબંધિત ખાતાના સક્ષમ અધિકારીનો દાખલો માન્ય ગણાશે. સંબંધિત ખાતાના વડાએ સક્ષમ અધિકારી નકકી કરવાના રહેશે.

(ગ) ક્રમાંક (૮) માટે ગ્રામ્ય વિસ્તાર માટે તલાટી કમ મંત્રીશ્રી, નગરપાલિકા વિસ્તાર માટે ચીફઓફિસર અને મહાનગરપાલિકા વિસ્તાર માટે સક્ષમ અધિકારીનો એક માત્ર દીકરી (સિંગલ ગર્લ ચાઈલ્ડ) હોવાનો દાખલો રજૂ કરવાનો રહેશે.

આ નિયમો હેઠળ એક માત્ર દીકરી ("સીંગલ ગર્લ ચાઈલ્ડ)નો અર્થ એ રહેશે કે માતા-પિતા દ્વારા એક જ પ્રસૂતિમાં એક જ દીકરી જન્મેલી હોય એને જ એક માત્ર દીકરી ગણાશે અને આવી દીકરીના જન્મ પહેલા કે ત્યારબાદ કોઇ સંતાન(દીકરો/દીકરી)નો જન્મ થયેલ હોવો જોઇએ નહિ અને જો આ નિયમો હેઠળ આ લાભ આપવામાં આવે ત્યારબાદ જો કોઇ સંતાનનો જન્મ થયેલ હોય તે પ્રસંગે આ નિયમો હેઠળ લીધેલ નાણાકીય સહાય પરત કરવાની રહેશે અને જે-તે ચાલુ શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયા બાદ પ્રવેશ રદ કરવાનો રહેશે. આવા કિસ્સામાં પ્રવેશ રદ થયા બાદ માતા/પિતા/વાલી ઈચ્છે તો પોતાની દીકરીને જે તે શાળામાં સામાન્ય વિદ્યાર્થી તરીકે શાળા દ્વારા નક્કી કરવામાં આવેલી ફી ભરી પ્રવેશ ચાલુ રાખી શકશે.

(ધ) ક્રમાંક (૯) મુજબની કેટેગરી માટે રાજ્ય સરકાર હસ્તકની આંગણવાડીમાં ઓછામાં ઓછા ૨ વર્ષ અભ્યાસ કરેલ હોય અને ICDS-CASવેબપોર્ટલ પર જે વિદ્યાર્થીઓના નામ નોંધાયેલુ હોય તેવાવિદ્યાર્થીઓએ જે તે આંગણવાડીમાં અભ્યાસ કરેલ છે તે મતલબનું સબંધિત આંગણવાડીનાં આંગણવાડી વર્કર અથવા સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ સક્ષમ અધિકારીનો પ્રમાણિત કરેલ દાખલો રજુ કરવાનો રહેશે. જે બાળકે આંગણવાડીમાં ઓછામાં ઓછા ૨ વર્ષ અભ્યાસ કરેલ હોય તે બાળકને અગ્રતાનો લાભ મળી શકશે.

(ચ) ક્રમાંક (૧૦) મુજબની ૦ થી ૨૦ આંક સુધીની BPL કેટેગરીમાં આવતા વાલીએ ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારી અથવા નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનો દાખલો રજુ કરવાનો રહેશે જ્યારે શહેર વિસ્તાર માટે મહાનગરપાલિકાના કિસ્સામાં નાયબ મ્યુનિસિપલ કમિશ્નર અથવા મહાનગર પાલિકાએ અધિકૃત કરેલ સક્ષમ અધિકારીનો દાખલો, નગરપાલિકા વિસ્તારમાં નગર પાલિકાના ચીફ ઓફિસરનો દાખલો અને નોટીફાઈડ વિસ્તારમાં મુખ્ય કારોબારી અધિકારી અથવા વહીવટી અધિકારીનો દાખલો રજુ કરવાનો રહેશે. જે શહેરી વિસ્તારમાં ૦ થી ૨૦ આંક (સ્કોર) ધરાવતા બી.પી.એલ કેટેગરીના લાભાર્થીઓની યાદી ન હોય તેવા વિસ્તારમાં બી.પી.એલ યાદીમાં સમાવેશ થયેલ લાભાર્થીએ જે-તે સક્ષમ અધિકારીનું બી.પી.એલ યાદી નંબર વાળું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. BPL રેશનકાર્ડ,BPL આધાર તરીકે માન્ય ગણાશે નહિ.

BPL કેટેગરીમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીનાં વાલીનો સમાવેશ ઉપરોક્ત મુજબ BPL કેટેગરીમાં થયેલ હોવો જોઈએ. જો BPL કેટેગરીમાં સમાવેશ થયેલ ન હોય તો, તેવા વાલીએ અન્ય લાગુ પડતી કેટેગરીમાં પ્રવેશ માટે અરજી કરવાની રહેશે.

(છ) ક્રમાંક (૧૧) અને (૧૨) કેટેગરીના બાળકના માટે સક્ષમ અધિકારીએ આપેલ જાતિનું પ્રમાણપત્ર માન્ય ગણાશે.

(જ) બાળકના રહેઠાણના પુરાવા તરીકે નીચે દર્શાવેલ દસ્તાવેજ પૈકીના કોઈ એક આધાર માન્ય ગણાશે.

(૧) મા-બાપના નામે અપાયેલું રેશનકાર્ડ કે જેમાં તે બાળકનું નામ હોય

(૨) મા-બાપ પૈકી એકનું મતદાર ઓળખપત્ર

(૩) વીજળી બીલ/પાણી બીલ/મા-બાપ કે બાળક પૈકી એકનોપાસપોર્ટ

(૪) આધાર કાર્ડ

(૫) રજીસ્ટર્ડ ભાડાકરાર

(ગુજરાત સ્ટેમ્પ એક્ટ, ૧૯૫૮ મુજબ નોંધાયેલ ભાડાકરાર તથા સબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનમાં જમા કરાવ્યાનાં આધાર સાથેનો હોવો જોઈશે)

આ રજીસ્ટ્રર્ડ ભાડાકરાર થયા બાદ રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ વગેરે પુરાવામાં ભાડાકરારમાં દર્શાવેલ સરનામાનો સુધારો કરાવી લેવાનો રહેશે અને આ ભાડાકરાર, લાઇટબીલ અને અન્ય ખર્ચ-આવક ધ્યાનમાં લઇ આવકનું અદ્યતન પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

તેમજ પ્રવેશ સમયે રજૂ કરેલ આ રજીસ્ટ્રર્ડ ભાડાકરારની મુદત પૂર્ણ થયેથી નવો રજીસ્ટ્રર્ડ ભાડાકરાર થયેથી સંબંધિતોએ તે અંગ શાળા મારફત,સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીકક્ષાએ જાણ કરવાની રહેશે.

(૮) ધોરણ-૧ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી ધોરણ-૮ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે ત્યાં સુધી તેમને વિનામૂલ્યે શિક્ષણ પુરૂ પાડવાનું રહેશે.

(૯) આવી રીતે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ સાથે કોઈ ભેદભાવ કરી શકાશે નહિ.

૭. પ્રવેશ પ્રક્રિયા દરમિયાન ધોરણ-૧ માં શાળા ફેરબદલી કરવાની જોગવાઈઃ-

ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા દરમિયાન કોઈ કારણોસર (૧) માંગણી ન કરેલ હોય તેવી શાળામાં પ્રવેશ ફાળવેલ હોય (૨) કુમારને કન્યા શાળામાં અથવા કન્યાને કુમાર શાળામાં પ્રવેશ ફાળવેલ હોય (૩) લઘુમતી દરજ્જો ધરાવતી શાળામાં પ્રવેશ ફાળવેલ હોય (૪) ટેકનિકલ કારણસર નિયમ વિરૂધ્ધ પ્રવેશ ફાળવેલ હોય વગેરે બાબતો ધ્યાને લઈ જિલ્લા કક્ષાએથી અગ્રતાક્રમ મુજબ મળવાપાત્ર શાળામાં પ્રવેશ ફેરબદલી કરી આપવાની રહેશે. અને વેબપોર્ટલ પર જરૂરી સુધારો કરવા માટે નિયમાનુસારની કાર્યવાહી કરવાની રહેશે. જે શાળામાં ફેરબદલીથી પ્રવેશ ફાળવવામાં આવે તે શાળામાં સામાન્ય રીતે 25 % કરતાં વધુ પ્રવેશની ફાળવણી ન થાય તે જોવાનું રહેશે.

૮. સદર યોજના હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવે તેટલી રકમ ગણવેશ , બૂટ, પુસ્તકો,પરિવહન ખર્ચ તથા સ્કૂલ બેગ અને

અભ્યાસને આનુસાંગિક અન્ય વસ્તુઓ ખરીદવા માટે વિદ્યાર્થી સહાય પેટે ચૂકવવામાં આવે છે.

જે વિદ્યાર્થીની શાળામાં સરેરાશ હાજરી ૮૦% કે તેથી વધુ હશે તેવા વિદ્યાર્થીઓને જ આ સહાય મળવાપાત્ર રહેશે. જે વિદ્યાર્થીની સરેરાશ હાજરી(તબીબી કારણો સિવાય)૮૦% થી ઓછી હશે તેઓને વિદ્યાર્થીસહાય મળવાપાત્ર રહેશે નહી. જે ધોરણમાં વિદ્યાર્થી અભ્યાસ કરતો હોય તેના અગાઉનાં ધોરણની વાર્ષિક સરેરાશ હાજરી ધ્યાને લેવાની રહેશે. એટલે કે, સદર યોજના હેઠળ ધોરણ-૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીની ધોરણ-૧ની સરેરાશ હાજરીને ધ્યાને લઈ વિદ્યાર્થી સહાય ચૂકવવાપાત્ર થાય છે કે કેમ? તે નક્કી કરવામાં આવશે. ધોરણ-૧માં હાજરીને ધ્યાને લીધા સિવાય આ રકમ ચૂકવવામાં આવશે.

૯. ઠરાવ ક્રમાંક ૨નાં પેટા ક્રમાંક (૮), (૯), (૧૧), (૧૨), (૧૩)માં સમાવિષ્ટ કેટેગરીના સદર યોજના હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનાં વાલીની આવક પ્રવેશ મેળવ્યા બાદ પછીનાં નાણાકીય વર્ષે નિયત આવક મર્યાદા કરતાં વધુ થાય તો જે તે વાલીએ પ્રવેશ મેળવેલ શાળા મારફતે સબંધિત અધિકારીને લેખીતમાં જાણ કરી પ્રવેશ રદ કરાવવાનો રહેશે. એટલે કે, આ યોજના હેઠળ પ્રવેશ મેળવ્યા બાદ પછીનાં વર્ષોમાં કોઈ વાલીની આવક નિયત મર્યાદા કરતાં વધે તો સદર યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહી. BPL કેટેગરી હેઠળ પ્રવેશ મેળવનાર બાળકનાં પિતાનું નામ BPL કેટેગરીમાંથી રદ થાય તો તે બાબતે વાલીએ પ્રવેશ મેળવેલ શાળા મારફતે સબંધિત અધિકારીને લેખીતમાં જાણ કરી પ્રવેશ રદ કરાવવાનો રહેશે.

ઉપરોક્ત કિસ્સામાં જે તે શૈક્ષણિક વર્ષ પૂર્ણ થાય ત્યાર પછી પ્રવેશ રદ કરવાનો રહેશે તથા આ પ્રકારે પ્રવેશ રદ થયેથી આ નિયમો અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા શાળા અને વિદ્યાર્થીને આપવામાં આવતી સહાય મળવાપાત્ર રહેશે નહિ.સદર વાલી ઈચ્છે તો પોતાનાં બાળકને જે તે શાળામાં સામાન્ય વિદ્યાર્થી તરીકે શાળા દ્વારા નક્કી કરવામાં આવેલ ફી ભરી પ્રવેશ ચાલુ રાખી શકશે.

૧૦. સદર યોજના હેઠળ પ્રવેશ મેળવેલ બાળકનાં વાલીએ પ્રવેશ મેળવવા માટે રજૂ કરેલ આધાર-પુરાવા શાળા/સરકારી વ્યવસ્થા તંત્રને કોઈ પણ તબક્કે શંકાસ્પદ જણાય તો, આવકનાં દાખલા સહિત કોઈ પણ આધારની ખરાઈ કરાવી શકશે, જે તે આધાર-પૂરાવાની ચકાસણીના અંતે પૂરાવા અયોગ્ય જણાય તો સદર વિદ્યાર્થીનો પ્રવેશચાલુ શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયેથીરદ કરવામાં આવશે, અને વાલી સામે ખોટા આધાર પૂરાવા

રજૂ કર્યા બદલ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કક્ષાએથી નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૧૧. આર.ટી.ઈ.એક્ટ-૨૦૦૯ની કલમ-૧૨(૧) પ્રમાણે મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ હેઠળ જે શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હોય તે શાળાને આર.ટી.ઈ.એક્ટની કલમ ૧૨(૨) મુજબ રાજ્ય સરકાર દ્વારા સરકારી શાળામાં બાળક દીઠ કરાયેલ ખર્ચ અથવા સંબંધિત શાળા દ્વારા નિયત કરવામાં આવેલ બાળકદીઠ ફી ની રકમ એ બે માંથી જે ઓછું હશે તે ખર્ચ સરકાર પાસેથી રીએમ્બર્સ (પરત ચુકવણી) મેળવી શકશે. આ માટે અગ્ર સચિવશ્રી, (પ્રા. અને મા.શિ.) ના અધ્યક્ષ સ્થાને, નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, નિયામકશ્રી (પ્રા.શિ.) ના હિસાબી અધિકારીશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરીના હિસાબી અધિકારીશ્રી, કમિશ્નરશ્રી મધ્યાહન ભોજન યોજના હિસાબી અધિકારીશ્રી અને શિક્ષણ વિભાગના નાણાં સલાહકારશ્રી, નાયબ સચિવશ્રી, (પ્રા.શિ.) સભ્ય સચિવશ્રીની પેટા સમિતિ દ્વારા દર ત્રણ વર્ષે ભલામણ કરવામાં આવશે.ત્યારબાદ નાણાં વિભાગના પરામર્શમાં શિક્ષણ વિભાગ કક્ષાએથી મંજૂરી મેળવવાની રહેશે.

૧૨. આ નિયમો હેઠળ ફી રી-એમ્બર્સમેન્ટ માટે સંબંધિત શાળાએ રાષ્ટ્રીયકૃત બેન્કમાં ખાતુ ખોલાવવાનું રહેશે.

સંદર્ભ (૯) અને (૧૦) માં દર્શાવેલ આ વિભાગના તા.૨૩/૫/૧૩, તા.૦૪/૦૪/૨૦૧૮ અને તા.૦૯/૦૫/૨૦૧૮ના ઠરાવો આથી રદ કરવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખાક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૩/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.પી.ચૌહાણ )
સંયુક્ત સચિવ,
શિક્ષણ વિભાગ.

નકલ રવાના:

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૨/૧, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, અમદાવાદ/રાજકોટ/ગાંધીનગર
- તમામ સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળની કચેરી
- શાખા સિલેક્ટ ફાઇલ